Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

### દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ થું. ચૈત્ર. વિક્રમ સંવત્ ૧૯૬૩. અંક ૯ મો.

## ચૈત્રવર્ષારંભે માંગલ્ય સ્તુતિ.

### (શાર્દૂલવિક્રીડિત).

જે [1] માસે પ્રગટ્યા પ્રભુ જગતમાં ઉદ્યોતકારી અતિ,
પ્રીતે પંચ મહાવ્રતી વલિ થયા જે [2] માસમાં [3] સન્મતિ;
તાર્યા ભારત ભવ્યજીવ જનને આ વિશ્વ [4] વિદ્યા રચી,
તે પામો જય ચૈત્ર વર્ષ જગમાં આનંદ [5] ઓઘે મચી. ૧

### સ્ત્રગ્ધરા.

વર્ષારંભે નવીને જિનમત જગમાં પૂર્ણ તેજે [6] પ્રકાશો,
વેગેથી જૈન સંઘે સમકિત ગુણની સર્વ શોભા વિકાશો;
ધર્મી [7] સર્વે ધરામાં [8] ધનિક [9] ધન થકી ક્ષેત્ર [10] સાતે સુધારો,
**આત્માનન્દ** પ્રકાશી પ્રગટ ઉદયથી પૂર્ણ વિદ્યા [11] પ્રસારો. ૨

---

૧ ચૈત્ર વદી આઠમે આદીશ્વર પ્રભુ જન્મ્યા હતા. ૨ ચૈત્ર વદી આઠમે આદીશ્વર પ્રભુએ દીક્ષા લીધી હતી. ૩ સારી મતિવાલા. ૪ આ સૃષ્ટિની વિદ્યા રચી હતી ૫ આનંદના સમૂહથી મગ્ન થઇ. ૬ તેજનો પ્રકાશ કરો. ૭ ધર્મવાલા, ૮ પૃથ્વીમાં, ૯ ધનવાન લોકો ૧૦ સાત ક્ષેત્રોમાં, ૧૧ ફેલાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમકિત

( અનુસંધાન કાર્તિક માસના અંકથી )

सम्यक्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

श्रीमद् उमास्वातिः

પ્રિય વાંચનાર, સમકિત એટલે સમ્યક્ દર્શન જેવા ગાઢ વિષયપર શાસ્ત્રકારો અત્યન્ત બહોળું વિવેચન અને સરલ વૃત્તિ કે ટીકા લખી ગયા છે, તેમાંથી આપણું મન કે હૃદય જેટલું ગ્રહણ કરી, તે પર નિદધ્યાસ કરી શકે તેટલું કરવાની આવશ્યક્તા છે કારણ કે સર્વ જીવને આ સંસાર રૂપી અલ્પ પ્રકાશ અને ગાઢ અન્ધકારવાળા ઓરડામાંથી બહાર નીકળી સૂર્યના દેદીપ્યમાન તેજથી આંજી નાંખે એવા ખૂલ્લા ચોગાનમાં આવવાની અતિ તીવ્ર ઇચ્છા સ્વાભાવિક રીતે થાય છે. આ દેદિપ્યમાન તેજવાળું મેદાન તેજ મુક્તિ કે મોક્ષ કહેવાય છે; અને સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણે સાથે સમસ્ત પણે મોક્ષનાં સાધન છે. તો મુક્તિ કે મોક્ષ સાધવાવાળા અર્થાત્ મુમુક્ષુ જીવોને સમ્યક્ દર્શન પ્રાપ્ત કરવાની ખાસ આવશ્યક્તા છે.

આ વિષયને અત્યાર સુધીમાં કંઇક પ્રસ્તાવનાથી, અને તે પછી જરા આગળ તેના લક્ષણ નિર્દેશથી યથાશક્તિ સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

હવે આ સમ્યક દર્શનની ચાર પ્રકારની શ્રદ્ધા કહેલી છે.

(૧) પરમાર્થ સંસ્તવ શ્રદ્ધા. (૨) ગીતાર્થ સેવના શ્રદ્ધા.

(૩) વ્યાપન્નદર્શનીસંગવર્જની શ્રદ્ધા. (૪) પાખંડી પરિચય વર્જની શ્રદ્ધા.

(૧) પરમાર્થ સંસ્તવ નામની શ્રદ્ધાનું બીજું નામ **પરમ રહસ્ય પરિચય** છે. એનું સ્વરૂપ—

**जीवाजीवादि तत्वानां सदादिसप्तभिःपदैः ।**
**शश्वतश्चिन्तनं चित्ते सा श्रद्धा प्रथमा भवेत् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ: જીવ, અજીવ વગેરે (પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બન્ધ અને મોક્ષ) (નવ) તત્વોનું સત્ આદિ સાત પદ યાને ભાંગાથી નિરન્તર ચિન્તવન કરવું.

(આ શ્રદ્ધાના અધિકારી તાત્વિક પુરૂષોજ હોય છે. જેઓ અભવિ હોય છે તેઓમાં આ શ્રદ્ધા હોતી નથી.)

સત્ આદિ સાત ભાંગા: એટલે

પદાર્થ સ્વરૂપને દર્શાવવાના સાત માર્ગ અથવા પ્રકાર. કોઈ પદાર્થનું અસ્તિત્વજ કહેવું હોય, કોઇનું નાસ્તિત્વજ કહેવું હોય, કોઇનું અસ્તિત્વનાસ્તિત્વ કહેવું હોય, કોઇનું અવાચ્યત્વ કહેવું હોય, કોઈનું અસ્તિત્વ અને અવ્યક્તવ્ય કહેવું હોય, કોઈનું નાસ્તિત્વ અવ્યક્તવ્યત્વ કહેવું હોય, કોઇનું અસ્તિત્વનાસ્તિત્વ અને અવાચ્યત્વ કહેવું હોય. આ સાત પ્રકાર કરતાં આઠમો પ્રકાર બનતો નથી.

આ સાત માર્ગને સપ્તભંગ (ભાંગા) કહે છે. અને એ પરથી આપણો જૈન માર્ગ **સપ્તભંગીનય** કહેવાય છે.

આ પર અભયકુમાર મંત્રીશ્વરનું સુપ્રસિદ્ધ દૃષ્ટાન્ત છે.

૨ ગીતાર્થ સેવના રૂપ બીજી શ્રદ્ધા.

**गीतार्थाः संयमैर्युक्ता स्त्रिधा तेषां च सेवनम् ।**
**द्वितीया सा भवेत् श्रद्धा या बोधे पुष्टिकारिणी ॥**

અર્થ:—સૂત્રાર્થના જ્ઞાનવાળા સંયમ ધારી પુરૂષોનું (મુનિઓનું) મન, વચન અને કાયાએ કરીને સેવન કરવું એ બીજી શ્રદ્ધા. આ શ્રદ્ધા (વસ્તુનો) બોધ થવામાં સહાયક થાય છે.

આ પર, આવાં વર્ત્તનવાળા, મહા સાધ્વી પુષ્પચૂલા, જેઓ સર્વ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યાં હતાં તેમનું દૃષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે.

પુણ્યકેતુ રાજાને ત્યાં પુષ્પાવતી રાણીથી પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામનાં પુત્રપુત્રીનો જોડલે જન્મ થયો. એમને એવો સ્નેહ હતો કે એક બીજા વિના એક ક્ષણવાર પણ રહી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં. એવું જોઇ પિતાએ એઓ વિવાહ યોગ્ય થયાં ત્યારે એ ભાઇ બ્હેનને પરણાવી દીધાં; કારણ કે એણે વિચાર્યું કે એ વિના એઓને મરણ જેવું દુઃખ થઇ પડશે; અને વળી સર્વ પ્રજાનો હું માલિક છું, માટે મારી આડું કોઇ આવી શકશે પણ નહીં.

આ વાત રાણી પુષ્પાવતીને ગમી નહી. તેથી એણે દીક્ષા લીધી. ત્યાં તીવ્ર તપશ્ચર્યા પ્રમુખથી સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થઇ. રાજા પણ કેટલાએક વખતે મૃત્યુ પામ્યો એટલે પુષ્પચૂલ રાજા થયો. તે પોતાની બ્હેન સાથે સંસાર વહેવાર ભોગવવા લાગ્યો.

પુષ્પાવતી રાણીનો જીવ સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થયો હતો, તેણે અવધિજ્ઞાનથી આવું દુષ્કૃત્ય થતું જોઇ, પુષ્પચૂલાને એક દિવસ સ્વપ્નમાં નરકનાં દુઃખ દેખાડયાં; ને બીજી વખત સ્વપ્નમાં સ્વર્ગનાં સુખ બતાવ્યાં. દુઃખ સુખના કારણનો બોધ પ્રાપ્ત કરીને, સુખી થવાની ઇચ્છાએ તેણીએ પોતાના પતિ પાસે દીક્ષા ગ્રહણ કરવાની આજ્ઞા માગી ને તે ગ્રહણ કરી. કેટલોએક કાળ વીત્યા બાદ ત્યાં દુષ્કાળ પડવાથી આચાર્ય મહારાજેએ સર્વ શિષ્યોને અપર સ્થાને વિહાર કરાવ્યો. પોતે અહિં રહ્યા. પુષ્પચૂલા પણ, પતિએ પોતાને ઘેર હમેશાં ભિક્ષાઅર્થે આવવાનું વચન લઇને પછીજ દીક્ષા લેવાની આજ્ઞા આપી હતી તેથી, અહિં રહી આચાર્ય મહારાજને આહાર પાણી વિગેરે લાવી આપી, **શુશ્રુષા અને વૈયાવચ્ચ** કરવામાં તત્પર રહી. એ પ્રમાણે કેટલોએક કાળ **અગ્લાનપણે ગુરૂ સેવા કરવાથી એ મહાસતીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.** પ્રાન્તે ઘણા ભવ્ય જનોને પ્રતિબોધ પમાડી એઓ મોક્ષે ગયાં છે.

(૩) હવે ત્રીજી શ્રદ્ધા વિષે.

**व्यापन्नं दर्शन येषां निन्हवानाम सद्ग्रहैः ।**
**तेषां सगो न कर्तव्यस्तत् श्रद्धानं तृतीयकम् ॥**

અર્થઃ—કદાગ્રહ કરીને જે નિન્હવો (જિન વચનનો લોપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનારાઓ) પોતાના **સમ્યકત્વને** ગુમાવી દે છે એવાઓનો સંગ ન કરવો.

આ વિષયપર શ્રી મહાવીર ભગવંતના બ્હેનના **પુત્ર જમાલિ** નો દ્રષ્ટાન્ત છે.

એકદા વીરભગવાનના સમવસરણમાં એમનો ઉપદેશ **સાંભળી** ઘેર આવી **માત પિતાની રજા** લઇ પ્રભુ પાસે જઇ દીક્ષા ગૃહણ કરી, જમાલી મુનિ જુદો વિહાર કરવાની આજ્ઞા માગી, અન્ય સાધુઓ સાથે જૂદો વિહાર કરવા લાગ્યા. એકદા વિહારમાં શરીરની સ્થિતિ એકાએક મંદ થઇ જવાથી શિષ્યોને આજ્ઞા કરી કે જલદી સંથારો પાથરો. શિષ્યોએ અર્ધ પાથર્યો ને પાથરતાં પાથરતાં કહ્યું કે "પધારો, સંથારો પાથર્યો છે." જમાલિ મુનિ જૂએ છે તો સંથારો હજુ પુરો પાથર્યો નથી; છતાં પાથર્યો કહ્યો–માટે ક્રોધે ધમધમ્યા. પરંતુ શિષ્યોએ શાંત પમાડીને કહ્યું કે સિદ્ધાન્તનું વાક્ય છે કે—**करेमाणे करे** કરવા માંડયું તે કર્યુંજ. વીર ભગવાનનું આ વાક્ય બરાબર છે, પણ મિથ્યાત્વનો ઉદય થવાથી જમાલિ મુનિએ એ ભગવંતના વાક્યો અસત્ય છે એમ કહ્યું; એમ સમજાવીને કે જ્યાં સુધી એ કરવા માંડેલા કાર્યો પૂર્ણ થાય નહીં ત્યાં સુધી એ થયાં કહેવાય નહીં. આ પ્રમાણે પ્રભુનાં વચનો નહીં માનનાર જમાલિ મુનિએ બીજા પણ કેટલાંક ઉત્સુત્રની પ્રરૂપણા કરી. (એ વિષે વિશેષ હકીકત ભગવતી સૂત્રમાં છે,) એવા ઉત્સૂત્ર પ્રરૂપણું કરનારાઓનો સંગ સર્વદા વર્જવો.

૪ હવે **ચોથી શ્રદ્ધા** જે પાખંડીઓનો સંગ ત્યજવારૂપ છે તેને માટે કહ્યું છે કે:—

**शाक्यादीनां कुदृष्टीनां बौद्धानां कूटवादिनाम् ।**
**वर्जनं क्रियते भव्यैः साश्रद्धा स्यात्तुरीयकां ॥**

માંસ ભક્ષણ, મદ્યપાન, સ્ત્રીસેવન ઇત્યાદિ લોકપ્રવૃત્તિજ છે માટે–તે તે કાર્ય દોષયુક્ત નહિં પણ મહા ફલદાયકજ છે—એવો ઉપદેશ કરનારા એકાન્ત પક્ષ માનનારા ઉન્માર્ગગામી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાકય મુનિ આદિ મિથ્યાત્વીઓનો સંગ સર્વથા ત્યજી દેવો. વળી મિથ્યા ભાષણ કરનારા નાસ્તિક બૌદ્ધોનો સંગ પણ શુદ્ધ બુદ્ધિવાળા પુરૂષોએ નિરન્તર વર્જવો. પૂર્વનો પરિચય હોય તે પણ ત્યજી દેવો. આ જે શ્રદ્ધા તે ચોથી શ્રદ્ધા છે.

ખાવું, પીવું; કારણ કે યૌવન ગયું તે પુનઃ આવવાનું નથી. આ શરીર માત્ર થોડા કાળને માટે છે—આ નરદમ સંસાર વધારનારો અસત્ય ઉપદેશ કરનારા એ એકાન્ત પક્ષના માન્ય કરનારા મિથ્યાદૃષ્ટિઓ છે. એનું ખંડન આપણા ન્યાયપુરસ્સર સ્યાદ્વાદ મતને આધારે શ્રીમદ્ હરિભદ્રાચાર્યે અતિ સૂક્ષ્મ અને મનન કરવા યોગ્ય વિસ્તારે કરેલું છે. વળી આ આપણા સિદ્ધાન્તને વધારે દૃઢ કરવાને શ્રી ગૌતમ ગણધરનો દ્રષ્ટાન્ત જે કેવળ બોધદાયક છે તે સ્મરણ કરવાની આવશ્યક્તા છે કારણ કે વર્ધમાન સ્વામી જેવા ગુરૂને પ્રાપ્ત કરીને પણ જ્યારે એમણે કુસંગનો ત્યાગ કર્યો ત્યારેજ એઓ સન્માર્ગના ઉપદેશક થયા છે. ખાવું, પીવું ઇત્યાદિનો ઉપદેશ કરી ઇંદ્રિયોરૂપી અશ્વોને સ્વતંત્ર ખેલાવનારા કદિ પણ મોક્ષગામી થયા કે થવાના નથી. મોક્ષ પ્રાપ્તિ તો આત્માને કુમાર્ગે જતા અટકાવનારા, કૃત્યાકૃત્યના વિવેકરૂપી જીવિતવાળા અને પુણ્યરૂપી વૃક્ષના વન સમાન એવા ઇંદ્રિયનિગ્રહથીજ છે. માટે પ્રતિષ્ઠાને વધારનારો, ન્યાયને ઘટ કરનારો, વિવેકનો ઉલ્લાસ કરાવનારો એવો જે ઇન્દ્રિયવિજયરૂપી ખડ્ગ તેનું ગ્રહણ કરીને કુસંગતિરૂપી શત્રુની સેનાનો પરાજય કરી, મોક્ષરૂપી રાજ્યધાનીમાં પ્રવેશ કરવો.

આ પ્રમાણે શાસ્ત્રકારે સમ્યક્ત્વની ચાર પ્રકારની શ્રદ્ધા કહી છે. હવે એનાં પાંચ ભૂષણ કહ્યાં છે તે કયા તે વિચારીએ.

પ્રથમ સમકિતનાં વળી ભૂષણ શું એમ કોઇ પ્રશ્ન કરે તેનો ઉત્તર એકે “ જેમ શરીર જેનાથી શોભે છે તે શરીરનાં ભૂષણ યા આભૂષણ કહેવાય છે, તેમ સમકિત જેનાથી શોભે છે તે સમકિતનાં ભૂષણ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) સ્થૈર્ય, (૨) પ્રભાવના, (૩) આવશ્યક આદિ ક્રિયામાં કુશળપણું, (૪) અરિહંત ભગવાન્ પર યથાયોગ્ય અન્તરંગભક્તિ, અને (૫) તીર્થની નિરંતર સેવા અને મોક્ષાભિલાષી પુરૂષોનો સમાગમ; આ પાંચ સમકિતનાં ભૂષણ કહેવાય છે.

(૧) સ્થૈર્ય કે સ્થિરતા–ધર્મને વિષે સ્થિર બુદ્ધિ કે જેવી સુલસા શ્રાવિકાને હતી, તેવીજ રાખવી. સાધુના રૂપ કરી આવેલા દેવતાને સહસ્રપાક તેલ વહોરાવવા જતાં સીસાના સીસા જમીન પર પડી જવાથી ઢોળાઇ જવા છતાં, જેનો ભાવ–ભક્તિ જેવીને તેવીજ રહી હતી એવી સત્વધારી કલ્યાણી સુલસાની શ્રી વીરપ્રભુએ સુદ્ધાં મ્હોટી પ્રશંસા કરી હતી. પચ્ચીશમો તીર્થંકર બની આવેલા પરિવ્રાજકને આખું ગામને ગામ ભક્તિથી વંદન કરવા ગયું. ચોસઠ ઇન્દ્ર, આઠ પ્રાતિહાર્યો અને ચોત્રિશ અતિશય પણ એ પરિવ્રાજકે ઇન્દ્રજાળથી લોકોને બતાવ્યાં. પરન્તુ સ્થિર સ્વભાવવાળી સુલસા ચલાયમાન થઇ નહિં.

એવું સુલસા સતીના સમાન સ્થૈર્ય રાખવું.

(૨) પ્રભાવના એટલે અનેક ધર્મ કાર્યો કરી જૈનશાસનની ઉન્નતિમાં વૃદ્ધિ કરવી—એ સમકિતનું બીજું ભૂષણ.

વનની અંદર ઢોર ચારતાં, એક ભેખડમાંથી નીકળેલા શ્રી ઋષભસ્વામીના બિંબની નિરંતર સેવા કરતા દેવપાળ નામના કઠીઆરાને પ્રભુ પૂજાના નિત્ય નિયમમાં ટેકવાળા રહેવાથી રાજ્ય મળ્યું હતું. તેણે પછી એ જિનેશ્વરનાં બિંબને જિનાલય રચાવી એમાં પ્રતિષ્ઠિત કરાવી હતી. અને એ પ્રમાણે જૈનશાસનની મ્હોટી ઉન્નતિ કરી હતી. આમ જિનરાજની ભક્તિમાં એકાગ્ર ચિત્ત રાખનાર દેવપાળે તીર્થંકરનામકર્મ ઉપાર્જન કીધું હતું.

માટે એ દેવપાળની પેઠે જૈનશાસનની પ્રભાવના કે ઉન્નતિ કરાવવી.

(૩) આવશ્યક આદિ ધર્મ ક્રિયા સારી પેઠે જાણવી જોઇએ. એ સમકિતનું ત્રીજું ભૂષણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજગ્રહી નગરીની ગાદીપર કોણિક રાજાની પછી તેનો પુત્ર ઉદાયિ થયો. અત્યંત અભિમાની કોણિક સર્વ રાજાઓને જીતી પોતાને તેરમો (!) ચક્રવર્તી કહેવરાવવા લાગ્યો અને તેટલામાટે કૃત્રિમ ચૌદ રત્નો એકઠાં કરી વૈતાઢ્ય પર્વતની તમિસ્રા ગુફાના દરવાજા આગળ ગયો ત્યાંજ ત્યાંના અધિષ્ઠાયક દેવતાએ તેને બાળી ભસ્મ કરી નાંખ્યો હતો. એની ગાદીએ ન્હાના બાળ વયના ઉદાયિ પુત્રને સ્થાપવામાં આવ્યો. તે ધર્મને વિષે અત્યંત રાગવાન થયો. સદગુરૂની ઉપાસના કરી બાર વ્રત અંગીકાર કર્યા. નિરન્તર દેવગુરૂ વંદન,છ આવશ્યક, પૌષધ આદિ ધર્મ કાર્યો કરવા લાગ્યો. રાજ્ય કાર્યની વ્યગ્રતા છતાં નિત્ય પ્રતિક્રમણ પોષધ આદિ પોતે પોતાની મેળે ઉચ્ચારતો. એવી એવી શુદ્ધ ક્રિયાનો જ્ઞાની એ હતો.

માટે સમક્તિના ત્રીજા ભૂષણથી વિભૂષિત થવાની ઇચ્છા રાખનારાએ ઉપર કહેલી ધર્મક્રિયા સારી પેઠે જાણવી જોઇએ.

(૪) અરિહંત ભગવાનપર અંતરંગ ભક્તિ એ સમકિતનું ચોથું ભૂષણ કહેવાય છે.

વિદ્યાબળવડે અનેક સ્ત્રીઓને મોહ પમાડી હરણ કરનાર એક પરિવ્રાજકના રાજાને હાથે થયેલા શિરચ્છેદના ખબર સાંભળતાંજ, પોતાને છતે પતિએ એવા યોગીપર અંતરંગ રાગથી મોહેલી એક સ્રી, એ યોગીની પાછળ બળી મરવા તૈયાર થઇ (!) લોકોએ અને એના પતિએ પણ આવી રીતે બળવા જતી અટકાવવા ઘણા પ્રયત્ન કર્યા પરંતુ વૃથા.

શાસ્રકાર કહે છે કે જેવી રીતે આ સ્રીએ એ પરિવ્રાજકપર, તીવ્ર રાગ રાખ્યો હતો તેવોજ તીવ્ર રાગ જે પ્રાણી તીર્થંકર પ્રણીત ધર્મપર રાખે તે મોક્ષ સુખનો ભોક્તા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સિદ્ધસૂરિ પ્રબંધ.

(ગત અંક ૮ માના પૃષ્ટ ૧૫૪ થી.)

સિદ્ધ જેમ જેમ તરૂણ થતો ગયો, તેમ તેમ તેનામાં દુર્વ્યસનો પ્રગટ થવાં લાગ્યાં. તેમાં જુગારના દુર્વ્યસનમાં તે વિશેષ આસક્ત થયો હતો. જુગારની દુઃખદાયક વ્યસન જાલમાં તેનો આત્મા મલિનતાને ધારણ કરતો હતો. રાત્રિ દિવસ તે જુગાર રમી પોતાના આત્માને આનંદ આપતો હતો. આથી અનેક જુગારી લોકો તેના મિત્રો થયા હતા.

ધુત એ ઉન્નતિના શિખરને તોડવામાં વજ્ર સમાન છે. નીતિરૂપ કલ્પલતાને ઊન્મૂલન કરવાનું મહા સાધન છે, ધર્મ રૂપ ચંદ્રને ગ્રાસ કરવામાં રાહુમુખ છે અને સદ્બોધ રૂપ સરોવરને સુકવવામાં ગ્રીષ્મ ઋતુ છે. એટલુંજ નહીં પણ તે ધૂત અનીતિને આમંત્રણ કરે છે, બલવાન્ વ્યભિચારને બોલાવે છે, ભયંકર ચોરીને માન આપે છે અને છલ, કપટ, જૂઠ, દંભ, કામ, ક્રોધ, અહંકાર અને મદ વગેરે દુર્ગુણોની એ પરમ પાઠશાલા છે.

આવા ધૂતના દુર્ગુણમાં પડી સિદ્ધની તરૂણાવસ્થા કલંકિત થઇ ગઇ. જુગારની ભ્રમણામાં તે રાત્રિ દિવસ ભટકવા લાગ્યો. માત્ર તે ભોજન કરવા ઘેર આવતો અને રાત્રે મધ્ય રાત્રિ પછી અથવા તો કોઇ વાર પ્રભાતે તે શયન કરવાને આવતો હતો. આથી તેની સ્ત્રી સુબોધા ઘણીજ મુંઝાતી હતી. તે શયનગૃહમાં પોતાના પતિની રાહુ જોઇ થાકી જતી, કારણ કે, તે વિદુષી શ્રાવિકા સ્રીધર્મને જાણતી હતી, તેથી પતિની પેહેલા ઉઠવું અને પતિની પછી સુવું, એ ધર્મરીતિ પ્રમાણે ચાલતી હતી. આથી તે બાળાને ઘણી રાત્રિ સુધી જાગવું પડતું અને તેથી તે કંટાળી જતી હતી. એક વખતે સિદ્ધની માતા લક્ષ્મી પોતાની પુત્રવધૂને કૃશ થઇ ગયેલી અને ચિંતાતુર જોઇ વિચારમાં પડી કે, સુબોધા સદ્ગુણી વધૂ છે, અને સિદ્ધ દુર્ગુણી છે, આથી તે બીચારીને સિદ્ધના તરફથી દુઃખ થતું હશે; માટે મારે તેની સંભાળ લેવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે. જો હું વધૂ તરફ ઊપેક્ષા રાખીશ તો એ બાલા ઘણીજ દુઃખી થશે અને વખતે આત્મઘાત પણ કરી બેસશે.

આવું વિચારી લક્ષ્મીએ સુબોધાને કહ્યું, હે સદ્ગુણી વધૂ, તમારૂં શરીર કૃશ થયેલું છે. તેમજ તમારૂં સૌંદર્ય અને હૃદય ચિંતાથી દગ્ધ થયેલું દેખાય છે. વત્સે, તારે જે દુઃખ હોય તે મારી આગળ જણાવ.

પોતાની સાસૂનાં આવાં વચન સાંભળી સુબોધા અધોમુખે ઉભી રહી અને તેણીના નેત્રમાંથી અશ્રુની ધારાઓ ચાલવા લાગી. તે જોઇ લક્ષ્મીને વધારે દયા આવી. તે પોતાની વધુને હૃદય સાથે ચાંપીને બોલી બેટા, શોક કર નહીં. ધૈર્યને ધારણ કરી તારા હૃદય દુઃખને પ્રગટ કર. આ પ્રમાણે તેણીએ ઘણો આગ્રહ કરી કહેવા માંડયું, એટલે સુબોધા લજ્જા ધરી વિનય પુર્વક બોલી પૂજ્ય સાસુ, પતિનો અવર્ણ વાદ બોલવો એ સતી સ્ત્રીનો ધર્મ નથી. ઇષ્ટદેવ અને પતિની નિંદા કરવી એ સરખું છે, તથાપિ પતિના હિતની ખાતર મારે તમારી આગલ કહેવું પડે છે, તમારા પુત્ર હંમેસા રાત્રે મોડા આવે છે. કોઇ વારતો કુકડાના નાદ સાથેજ તેમનો ગૃહપ્રવેશ થાય છે, આથી મારે નિરંતર દુઃખ ભોગવવું પડે છે. વળી રાત્રે વિલંબ થવાનું કારણ પણ વિપરીત દેખાય છે; તેઓ જુગારના દુર્વ્યસનમાં મગ્ન થઇ ગયા છે અને તેથી તેમની ઉપર વિપત્તિનું વાદળ છવાઇ રહેલું છે. એથી મારા હૃદયમાં ચિંતાની મહા જવાલા પ્રજ્વલિત થયા કરે છે. માતા, મને એ ચિંતામાંથી મુક્ત કરવાના ઉપાય કરો અને દુર્ગુણોના ભયંકર મહાસાગરમાં મગ્ન થઇ ગયેલા તમારા પુત્રનો ઉદ્ધાર કરો.

સુબોધાના આવાં વચન સાંભળી લક્ષ્મીએ કહ્યું, શાણી વધૂ, તારા પતિને અમે ઘણીવાર સમજાવ્યો છે, તે છતાં તે સમજતો નથી, હવે તો અમે તેનાથી કંટાળી ગયાં છીએ. માટે તારે તેવા મૂર્ખ પતિની પાછલ દુઃખી થવું નહીં, આજ રાત્રે સિદ્ધ મોડો આવે ત્યારે તારે ઘરનું દ્વાર ઉઘાડવું નહીં, અને તે વખતે હું તેને શીખામણ આપીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુબોધા હૃદયમાં અસંતોષ પામતી બોલી—પૂજ્ય સાસુ, એ મારાથી કેમ બને? પતિ પોકાર કરે અને હું તે સાંભળી તેની આજ્ઞા માનું નહી એ કેવું અનુચિત કહેવાય?

લક્ષ્મી બોલી—બેટા પુત્રવધૂ, તે વિષે એવી શંકા રાખીશ નહીં. કારણ કે, તેમ કરવાથી તારો પતિ સિદ્ધ સુધરી જશે, અને તેથી તેનું પૂરે પૂરૂં હિત થશે. પોતાના પતિનું જે તે પ્રકારે હિત કરવું, એ સતી સ્ત્રીનો ધર્મ છે; માટે તને પતિના વચનનો ભંગ કરવાનો દોષ લાગશે નહીં, વલી હું તને આજ્ઞા આપું છું, તેથી એ દોષનું પાત્ર તું થવાની નથી.

લક્ષ્મી સ્વરૂપ પૂજ્ય સાસુ લક્ષ્મીનાં આવાં વચન સાંભળી સુબોધાએ પોતાની શંકા દૂર કરી અને પોતાના પતિના હિતની ખાતર તેમ કરવાને તૈયાર થઈ ગઈ.

તેજ દિવસે રાત્રિનો સમય થયો. ધૂતના દુર્વ્યસનમાં આશક્ત બનેલો સિદ્ધ બીજા જુગારીઓની સાથે નગરમાં ભમવા ગયો. જ્યારે રાત્રિના બે પોહોર ગયા એટલે સિદ્ધ પોતાને ઘેર આવ્યો. તેણે દ્વાર ઉઘાડવાને બૂમ પાડી, સુબોધાએ પતિનો સ્વર સાંભળ્યો અને એ વિનીત વનિતા દ્વાર ઉઘાડવા જવાને વિચાર કરતી હતી, તેવામાં સિદ્ધે ઉપરા ઉપર બુમો પાડવાથી તેની માતા લક્ષ્મી જાગ્રત થઈ ગઈ. તેણે કૃત્રિમ કોપ કરી ઉંચે સ્વરે કહ્યું, અરે સિદ્ધ, તું શા માટે બુમો પાડે છે? તારે સિદ્ધે રસ્તે ચાલ્યો જા. હમેશાં આમ મોડો આવે છે, તેથી અત્યારે ઘરનું દ્વાર ઉઘાડવામાં નહીં આવે. આ સમયે જે ઘરનાં દ્વાર ખુલ્લાં હોય ત્યાં તું જા.

માતાનાં આવાં સકોપ વચન સાંભળી જુગારી સિદ્ધ બોલ્યો નહિ પણ તે ચિંતાતુર થઇ ત્યાંથી ચાલી નીકળ્યો. સિદ્ધે પોતાના મનમાં ચિંતવ્યું કે, હવે આટલી મોડી રાત્રે કયાં જઇને સુવું? આ વખતે કોના ઘરના દ્વાર ખુલ્લાં હોય? આમ ચિંતવતો સિદ્ધ આમ તેમ ભમતો હતો, ત્યાં એક ખુલ્લાં દ્વારવાલું સ્થાન તેના જોવામાં આવ્યું. સિદ્ધ તે સ્થાનમાં ગયો ત્યાં કેટલાએક પુરૂષોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખનો ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. એ સ્થાન જૈન મુનિઓનો ઉપાશ્રય હતો. પવિત્ર ધર્મ ધ્યાન કરનારા મુનિઓ તે સમયે વિવિધ પ્રકારના સ્વાધ્યાયોના પાઠો પઠતા હતા. તેમના સ્વાધ્યાયનો સ્વર સાંભળી સિદ્ધ તેમની નજીક આવી ઊભો રહ્યો.

સુકૃતનો ચમત્કાર અદ્ભુત છે. સુકૃતના પ્રભાવિક પ્રકાશથી ગમે તેવું ઘોર અંધકાર હોય, તે પણ દૂર થઇ જાય છે. એ સુકૃત જ્યારે ઉદય આવવાને ઉન્મુખ થાય છે, ત્યારે અકસ્માત મોટો ફારફેર થઇ જાય છે. સુકૃતના દિવ્ય પ્રભાવ આગળ કોઇ પણ વસ્તુ અગમ્ય કે અસાધ્ય નથી.

આ પ્રમાણે સિદ્ધના સુકૃતો સફળ થવાને ઉન્મુખ થયાં. તેના પરમ પ્રભાવથી મુનિઓના મુખથી સ્વાધ્યાયનું શ્રવણ કરતાં સિદ્ધનો મૂલ સ્વભાવ તદન બદલાઇ ગયો. તેના હૃદયના ઉંડા પ્રદેશમાંથી ભવ્ય ભાવના અચાનક પ્રગટ થઇ આવી. વિપરીત પ્રકૃતિ વિકૃતિ પામી ગઇ, ભવિષ્યના આર્હત શાસનના ઉગ્ર તેજને પ્રગટ કરી ભારત ઉપર પ્રકાશિત કરનાર અને સૂરિપદ સંપાદન કરી ભારતની પ્રજાને મોહિત કરનાર એ સિદ્ધના હૃદયમાં જુદીજ ભાવના થઇ આવી. તેની હૃદયવૃત્તિ તદન બદલાઇ ગઇ. મલિનતાનો નાશ થઇ ગયો અને પવિત્રતા પ્રસરી ગઇ. પૂર્વના કૃત્યને માટે તેને ઘણોજ પશ્ચાત્તાપ પ્રગટ થઇ આવ્યો.

પછી સિદ્ધ જૈન મુનિઓની પાસે આવ્યો અને તેણે પ્રેમથી મુનિ ચરણમાં પ્રણામ કર્યો. દયાલુ મુનિઓએ તેને ધર્મ લાભની આશીષ આપી. અને પુછયું કે, ભદ્ર, તમો કોણ છો? આ રાત્રિને સમયે આ ઉપાશ્રયમાં કયાંથી આવોછો? સિદ્ધ બોલ્યો મહાનુભાવ, આ શ્રીમાલ નગરના મંત્રિપુત્ર શુભંકરનો સિદ્ધ નામે હું પુત્ર છું. પૂર્વના પાપથી મારામાં જુગારનું દુર્વ્યસન પ્રાપ્ત થયું છે, તેથી હું પ્રતિદિન રાત્રે એ વ્યસનમાં આસક્ત થઇ ભમનારો છું. આજે એ દુર્વ્યસનથી મારી માતાએ મને ઘરમાંથી કહાડી મુકયો છે. હવે તો આજથી આપનુંજ મને શરણુ છે. મહા ભયંકર સંસારને વધાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા એ મારા ઘરમાં મારે ફરીવાર જાવાનું નથી. મારૂં ઘર તો હવે આ ઉપાશ્રયજ છે. કૃપાળુ મુનિરાજ, મારા મલિન આત્માનો ઉદ્ધાર કરો અને મને સુખદાયક શરણ આપો.

સિદ્ધના આવા વચન સાંભળી જૈન આચાર્યે શ્રુતોપયોગ આપી જોયું એટલે તેમના જાણવામાં આવ્યું કે, આ પુરૂષનું મનોબળ ઘણું છે; તેથી જો તેને ચારિત્ર આપવામાં આવે, તો તેનાથી આર્હત શાસનની ઘણીજ ઉન્નતિ થશે. આ ભાગ્યશાળી નર સુરિપદને સંપાદન કરી વીર ધર્મની જયઘોષણા ગજાવશે અને જૈન શાસનની ચંદ્રના જેવી ઉજ્વલ કીર્તિ આખા ભારત વર્ષ ઉપર પ્રસરાવશે.

આ પ્રમાણે જાણી લઇ તે સૂરિવર બોલ્યા, ભદ્ર, જો તમારે અમારે શરણે રહેવું હોય તો અમારા જેવો વેશ અંગીકાર કરો અને પછી સુખેથી અહિં રહો. સિદ્ધે તે વાત અંગીકાર કરી એટલે આચાર્યજીએ સિદ્ધને જૈનમુનિઓનો સર્વ આચાર કહી સંભળાવ્યો. એમ કરતાં પ્રાતઃકાલ થયો ત્યારે સિદ્ધે મુનિવેષ લેવાની માગણી કરી એટલે આચાર્યે જણાવ્યું કે, તમારા પિતાની આજ્ઞા લઇ તમોને દીક્ષા આપીશું. માતાપિતાની આજ્ઞા વિના દીક્ષા આપવી, એ જૈન શાસ્ત્રની વિરૂદ્ધ છે.

પ્રાતઃકાલે શુભંકર શેઠ જાગ્રત થયા, તેની સ્ત્રી લક્ષ્મીએ રાત્રિની સિદ્ધની વાત પોતાના પતિને જણાવી, તે જાણી શુભંકર શેઠે લક્ષ્મીને ઠપકો આપ્યો. પ્રિયા, તેં સાહસ કર્યું છે. વ્યસની માણસને એમ ઉતાવળથી શીખામણ લાગતી નથી, તેને તો રફતે રફતે સમજાવવો જોઇએ. ભયંકર રાત્રે આપણા સિદ્ધ પુત્રને તેં ઘરમાં આવવા દીધો નહીં, તે ઘણુંજ વિપરીત કર્યું છે. વખતે આપણો સિદ્ધ મોટી વિપત્તમાં આવી પડ્યો હશે. ભદ્રે, તેં મોટું સાહસ કર્યું છે. જ્યારે હવે હું સિદ્ધનું મુખ જોઇશ ત્યારે મને શાંતિ વલશે. જોકે સિદ્ધ વ્યસની અને દુર્ગુણી છે, પણ આપણા વંશને વધારનારો એક પુત્ર છે, તેથી મને તેની ઉપર અતિ પ્રેમ ઉપજે છે. પ્રિયા, તમે આ કામ અવિચારથી કર્યું છે. હવે જે થયું તેનો પ્રતીકાર કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી પ્રાતઃકાલે શુભંકરે સિદ્ધનો શોધ કરવા માંડયો. શ્રીમાલપુરની પ્રત્યેક શેરીએ સિદ્ધના શોધને માટે માણસો મોકલવામાં આવ્યાં. શુભંકર પોતે પણ પુત્રની તપાસ કરવાને સામિલ થઇ ફરવા લાગ્યો. એક પહોરસુધી તેણે અટન કર્યું તોપણ સિદ્ધનો પત્તો લાગ્યો નહીં. એટલે શુભંકર નિરાશ થઇ પોતાને ઘેર આવ્યો. નિરાશ થઇ શોક કરતા એવા શુભંકરને તેના એક વફાદાર માણસે ખબર આપ્યા કે, સિદ્ધ એક જૈન મુનિના ઉપાશ્રયે જઇને બેઠો છે. તે ખબર જાણી તેના હૃદયમાં હર્ષ ઉત્પન્ન થયો અને તે સત્વર જૈન ઉપાશ્રયની પવિત્ર ભૂમિમાં આવ્યો. ત્યાં સાધુઓના વૃંદમાં બેઠેલો અને ધાર્મિક વૃત્તિથી ઉત્તમ ભાવના ભાવતો સિદ્ધ શુભંકરના જોવામાં આવ્યો. શુભંકર ગુરૂ મહારાજને વંદના કરી પાસે બેઠો અને તેણે આચાર્યજીને વિનયથી જણાવ્યું, મહાનુભાવ, આપે મારા પુત્ર ઉપર મોટો ઉપકાર કર્યો છે. દુર્વ્યસનમાં આસક્ત થયેલા મારા પુત્ર સિદ્ધને આપે શરણુ આપી ખરેખર કૃતાર્થ કર્યો છે. તેના મલિન જીવનને પુણ્ય માર્ગનું અવલંબન આપી હવે તેને ધાર્મિકવૃત્તિવાળો કરી મારે ઘેર પાછો મોકલો. મારા દુરાચારી પુત્રને સદાચારી કરી શ્રાવકના ગૃહસ્થ ધર્મનો પૂર્ણ અધિકારી બનાવો, એજ મારી આપને પ્રાર્થના છે.

અપૂર્ણ.

---

# આર્ય.

## (અનુસંધાન અંક ૭ના પૃષ્ઠ ૧૬૨થી)

જેમ તેલનો એક બિંદુ જલના એક દેશમાં પડે તો પણ બધા જળમાં પ્રસરી જાય છે, તેમ સમ્યકત્વવાળો આત્મા જીવ વિગેરેના કોઇ એક પદને લઇને જીવાદિ અનેક પદોમાં પ્રસરી જાય છે, તેવી રીતે તત્વના એક દેશમાં જેની રૂચિ ઉત્પન્ન થઇ હોય, તે તેવી જાતના ક્ષયોપશમ ભાવથી બીજા તત્વોમાં પણ રૂચિવાળા થાય તે **બીજરૂચિ** નામે પાંચમા **દર્શનાર્ય** કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર વગેરે અગીયાર અંગે., ઉત્તરાધ્યયન વિગેરે પ્રકીર્ણ, બારમું અંગ દૃષ્ટિવાદ, અને ઊપાંગરૂપ શ્રુતજ્ઞાન એ બધા અર્થથી જોયા હોય અને તેથી કરી તત્વ રૂચિ પ્રાપ્ત કરી હોય, તે **અધિગમરૂચિ** નામે છઠા **દર્શનાર્ય** કહેવાય છે.

જેઓએ ધર્માસ્તિકાય વિગેરે સર્વ દ્રવ્યોના પર્યાયોને યથા યોગ્ય પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અને નૈગમ વિગેરે નયોના ભેદથી જાણેલા હોય તે **વિસ્તારરૂચિ** નામે સાતમા **દર્શનાર્ય** કહેવાય છે. તેઓની રૂચિ સર્વ વસ્તુઓના પર્યાયોને પ્રપંચ–વિસ્તારથી જાણવાની હોવાથી તે અતિ નિર્મળ ગણાય છે..

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય અને ઇર્યાદિક સર્વ સમિતિઓને વિશે તથા મનોગુપ્તિ વગેરે સર્વ ગુપ્તિઓને વિશે જે ક્રિયા ભાવરૂચિ એટલે ભાવથી જ્ઞાનાદિ આચારોનું આચરણ કરવાની રૂચિ થાય, તે **ક્રિયારૂચિ** નામે આઠમા **દર્શનાર્ય** કહેવાય છે.

જેમણે કુદૃષ્ટિ--મિથ્યામત ગ્રહણ કરેલ ન હોય, તેમ જેઓએ જિનપ્રવચનમાં કુશળતા મેળવી ન હોય, તે **સંક્ષેપરૂચિ** નામે નવમા **દર્શનાર્ય** કહેવાય છે.

જે ધર્માસ્તિકાય વિગેરે ધર્મ, ગતિને ઉપષ્ટંભ કરનાર સ્વભાવ અને શ્રી જિનેંદ્ર ભગવાને કહેલ શ્રુત ધર્મ તથા ચારિત્ર ધર્મની ઉપર શ્રદ્ધા રાખે તે **ધર્મરૂચિ** નામે દશમા **દર્શનાર્ય** કહેવાય છે.

આ દશ પ્રકારના દર્શનાર્યમાં જે શુદ્ધ દર્શનાર્ય છે, તે બધા ભેદોમાં મુખ્ય છે અને તેનો જૈનદર્શનની સાથે પવિત્ર સંબંધ રહેલો છે.

એ સમ્યગ દર્શન ઉત્પન્ન થવાના કયા ચિન્હો છે? તે પણ અવશ્ય અહિં જાણવાં જોઇએ. તેમાં મુખ્ય કરીને બે ચિન્હો કહેલાંછે તે બે ચિન્હો ઊપરથી સમ્યગ દર્શન ઊત્પન્ન થવાનો નિશ્ચય થાય છે. તે બે ચિન્હો આ પ્રમાણે છે–જીવાદિપદાર્થોને જાણવાને માટે બહુ માન પૂર્વક અભ્યાસ કરવો, જીવાદિ પદાર્થોના સ્વરૂપને જાણનારા વિદ્વાનોની યથાશક્તિ વૈયાવૃત્ય કરવી, એ પ્રથમ ચિન્હ છે. જેઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનેંદ્રના માર્ગથી ભ્રષ્ટ થયેલા નિન્હુવ વિગેરે છે, અને જેઓ કુદર્શની મિથ્યા શ્રદ્ધાવાલા પુરૂષો છે, તેમનો સંગ--પરિચય ન કરવો, એ બીજું ચિન્હ છે.

વળી એ દર્શનના [1] આઠ આચારો છે. ૧ નિઃશંકિત, ૨ નિઃકાંક્ષિત, ૩ વિચિકિત્સા, ૪ અમૂઢ દૃષ્ટિ, ૫ ઉપવૃંહણા, ૬ સ્થિરીકરણ, ૭ વાત્સલ્યતા, અને ૮ પ્રભાવના—એવા તે આઠ આચારોના નામછે. જે આ આઠ આચાર સહિત સમ્યગ દર્શનથી યુક્ત હોય તે શુદ્ધ દર્શનાર્ય કહેવાય છે.

નવમા ચારિત્રાર્ય કહેવાય છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં તેઓના અનેક પ્રકાર કહેલા છે; પરંતુ સામાન્યપણે ૧ અહિંસા, ૨ અનૃત, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય, ૫ અકિંચન્ય—એ પાંચ મહાવ્રતોના પાલક તે પાંચ પ્રકારના ચારિત્રાર્ય મુખ્ય રીતે કહેલા છે.

આ દશ પ્રકારનાં આર્યોના નિવાસથી આ ભારતખંડ આર્યાવર્ત્ત કહેવાય છે. જૈન શાસ્ત્રમાં આર્ય શબ્દને માટે સારૂં માન દર્શાવેલ છે. આર્ય શબ્દનો ઉચ્ચાર જૈન સૂત્રોમાં ઘણે સ્થળે કરેલો છે. " अज्ज सुहम्मे अज्ज जंबु अज्जप्पभव " ઇત્યાદિ અનેક સ્થળે આર્ય શબ્દની યોજના કરેલી જોવામાં આવે છે. કલ્પાધ્યયનમાં સેંકડો ઠેકાણે આર્ય શબ્દનો ઉપયોગ કરેલો છે. જૈન ચારિત્ર ધારિણી સાધ્વીઓ પણ **આર્યા**ના નામથી ઓળખાય છે. તેથી આર્ય એ સબ્દ શ્રેષ્ઠતા વાચક સિદ્ધ થાય છે. તેવા આર્યત્વને માટે જૈનોએ પણ પૂર્ણ અભિમાન રાખવું જોઇએ. સનાતન જૈન માર્ગમાં જે આર્યત્વ દૃસ્યમાન છે, તેવું બીજા કલ્પિત માર્ગમાં દૃશ્યમાન થતું નથી, એ વાત લક્ષમાં રાખી જૈનોએ પોતાના આર્યત્વનું તન, મન, ધનથી રક્ષણ કરવું જોઇએ.

---

[1] આ આઠ આચારોના અર્થ બીજા ગ્રંથોથી જાણી લેવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સોળ સંસ્કાર.

## અન્નપ્રાશન સંસ્કાર.

નામ કરણ સંસ્કાર થયા પછી નવમો અન્ન પ્રાશન સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કારમાં માતાનું સ્તનપાન કરી રહેનારા શ્રાવક શિશુને બીજો અન્નાદિકનો ખોરાક લેવરાવવાનો આરંભ થાય છે. તે સંસ્કાર છોકરાને છઠે માસે અને છોકરીને પાંચમે માસે કરવામાં આવે છે.

જે દિવસે આ સંસ્કાર કરવાનો હોય તે દિવસે રવિ, ચંદ્ર, બુધ, શુક્ર અને ગુરૂવાર લેવાને તે સ્થળે કહેલું છે. તે સાથે રેવતી, શ્રવણ, હસ્ત, મૃગશીર્ષ, પુનર્વસુ, અનુરાધા, અશ્વિની, ચિત્રા, રોહિણી, ત્રણ ઉત્તરા, ધનિષ્ઠા, પુષ્ય એ નિર્દોષ નક્ષત્રો લેવાનાં છે. કુતિથિ અને કુયોગનો ત્યાગ કરી શુભ દિવસે એ અન્નપ્રાશન સંસ્કારનો આરંભ કરવામાં આવે છે. આ સંસ્કારને માટે જ્યોતિષના ગ્રંથોમાં સારી રીતે લખેલું છે. ઉપર કહેલા નક્ષત્રો અને વારોમાં શુભ ગ્રહો પણ જોવાના છે. તે પ્રસંગે લગ્ન અને ગ્રહ કુંડલીનું નિરીક્ષણ કરતાં શુભાશુભ ફળ દર્શાવેલ છે. તે સંસ્કાર કરવાને સમયે જો લગ્નમાં સૂર્ય હોય તો તે બાલક ભવિષ્યમાં કોઢીયો થાય છે, મંગલ હોય તો પિત્તરોગી થાય છે, શનિ હોય તો વાયુ રોગી થાય છે. જો ચંદ્ર ક્ષીણ હોય તો ભીખારી, બુધ હોય તો જ્ઞાની, શુક્ર હોય તો ભોગી, વૃહસ્પતિ હોય તો દીર્ઘ આયુષ્ય વાળો અને પૂર્ણચંદ્ર હોય તો ઘણો દાની થાય છે.

આ પવિત્ર સંસ્કાર કરતી વખતે ચંદ્રનું બળ જોવાની જરૂરછે. જ્યારે આ સંસ્કારનો આરંભ કરવો હોય ત્યારે પવિત્ર ગૃહસ્થ ગુરૂને આમંત્રણ કરી બોલાવવા. ગુરૂ આવીને સર્વ પ્રકારના પ્રાસુક નિર્દોષ અન્નને એકત્ર કરે છે. જે અન્ન જે દેશમાં થતાં હોય તે મેળવવાં. અથવા બીજા નગરમાં મળતા હોય તેવા ફળ, મેવા

For Private And Personal Use Only

વિગેરે પણ યથાશક્તિ મંગાવવા.તેમાં છ વિકૃતિનો ત્યાગ કરવાનો છે. ઘી, તેલ, શેરડીનો રસ, ગોરસ, જળ ઇત્યાદિ પકવ કરેલા ઘણા પદાર્થો જુદા જુદા કરી રાખવા. અર્હતની પ્રતિમાના બૃહત્સ્નાત્રની વિધિ પ્રમાણે કરેલા પંચામૃત સ્નાત્ર કરી જુદા જુદા પાત્રોમાં ગોઠવવા. તે પાક વિગેરે અર્હત કલ્પમાં કહેલા નૈવેદ્યમંત્રથી પ્રતિમાની આગળ ધરવા. તે પછી બાળકને અર્હત્સ્નાત્રના જલનું પાન કરાવવું. પછી જિન પ્રતિમાની નૈવેદ્ય થી ઉદ્ધરિત સર્વ વસ્તુઓ સૂરિમંત્રના મધ્યમાં રહેલ અમૃતાશ્રવ મંત્રથી શ્રી ગૌતમની પ્રતિમાની આગળ ધરવી. તેમાંથી ઉદ્ધરિત એવી વસ્તુઓ કુલદેવતાના મંત્ર વડે ગોત્રદેવીની પ્રતિમાની આગળ નિવેદન કરવી. તે પછી ગોત્રદેવીના નૈવેદ્યમાંથી યોગ્ય આહાર લઈ માતાએ પોતાના શિશુના મુખમાં આપવો. તે વખતે મંગલ ગીતના ધ્વનિ કરવાને કહેલું છે. જ્યારે માતા પોતાના પુત્રના મુખમાં એ પવિત્ર આહારં આપે ત્યારે ગુરૂએ નીચેનો મંત્ર ત્રણવાર બોલવો.

“ ॐ अँर्ह भगवानर्हन् त्रिलोकनाथ स्त्रिलोकपूजितः सुधाधार धारित शरीरोऽपि कावलिकाहारमा हारितवान् । तपस्यन्नपि पारणाविद्या विक्षुरस परमान्नभोजनात् परमानंदादाप केवलं तद्बाहिन्नौदारिक शरीरमाप्त स्त्वमप्याहारय आहारं तत्ते दीर्घमायुरारोग्यमस्तु अँर्ह ॐ ॥

આમંત્ર ત્રણવાર બોલ્યા પછી સાધુઓને ષટ વિકૃતિ અને ષટરસ સહિત આહાર આપવામાં આવે છે. પછી યતિગુરૂની સમીપ મંડલી પટ્ટ ઉપર પરમાન્નથી પૂરેલું સુવર્ણપાત્ર ધરવામાં આવે છે, અને ગૃહસ્થ ગુરૂને એક દ્રોણ પ્રમાણ સર્વજાતના અન્નનાં દાન કરવામાં આવે છે. તે સાથે બે તોલા ઘી, તેલ, ગોળ, ને લવણ, સર્વ જાતના એકસો આઠ ફળ, તાંબાનો ચરૂ, કાંશાનો થાળ અને બે વસ્ત્રો ગૃહસ્થ ગુરૂને અર્પણ કરવામાં આવે છે, તે પછી આ અન્નપ્રાશન સંસ્કારની સમાપ્તિ થાય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પવિત્ર સંસ્કારમાં જૈન આર્ય વેદનો જે મંત્ર છે, તેનો અર્થ ઘણો ગંભીર અને તે સંસ્કારના પ્રભાવને દર્શાવનારો છે. તે મંત્રમાં પ્રથમ અન્નને પ્રાશન કરનારા શ્રાવક શિશુને આશીષ આપવાની સાથે શ્રી અર્હંત પ્રભુના પવિત્ર આહાર વિધિની ઉત્તમ સૂચના દર્શાવેલી છે. તેમાં કહ્યું છે કે, "ત્રણ લોકના પતિ, અને ત્રણ લોકે પૂજેલા, ભગવાન્ અર્હંત પ્રભુ કે જેઓનું શરીર અમૃતના આહાર ઉપર ધારણ કરી રહેલું, તો પણ તેઓએ કોળીયા રુપે અન્નનો આહાર ગ્રહણ કરેલો છે, તેમજ જેઓ તપસ્યા કરી રહ્યા છે, તે છતાં પારણાવિધિમાં ઇક્ષુરસ (શેલડીનો રસ) અને પરમાન્ન (દૂધપાક)નું ભોજન કરી પરમ આનંદથી કેવળ જ્ઞાનને પામેલા છે, તેથી હે પ્રાણી, તું પણ ઔદારિક શરીરને પ્રાપ્ત થયેલો છું, માટે આહારનું ગ્રહણ કર. તેથી તું દીર્ઘાયુ રહે અને શરીરે આરોગ્ય રહે."

આ મંત્રના અર્થ ઉપરથી ઘણો ભાવાર્થ જાણવાનો છે. દરેક પ્રાણીને આહારની આવશ્યક્તા છે. તે આહાર શુદ્ધ, નિર્દોષ અને પવિત્ર બુદ્ધિ આપનારો હોવો જોઇએ. તેવા આહારને પ્રથમ ગ્રહણ કરવાનો આ પવિત્ર સંસ્કાર ઔદારિક શરીરવાળા પ્રાણી ઉપર ભવિષ્યમાં સારી અસર કરે છે. શરીરના પુદ્ગલોની વૃદ્ધિ આહારથી થાય છે અને તે આહારનો આરંભ તે સંસ્કારના પવિત્ર વિધિથી કરવામાં આવ્યો હોય, તો યાવજ્જીવિત આહાર કરનારો મનુષ્ય પ્રાણી તે સંસ્કારના મંત્ર બળથી પોતાના જીવનમાં ધાર્મિક વૃત્તિ, સદાચાર અને સત્પ્રવૃત્તિ વિગેરે સારા ગુણો સંપાદન કરી શકે છે, તેથી દરેક શ્રાવક બંધુને આ પવિત્ર સંસ્કાર કરવાની આવશ્યક્તા છે.

આ આહાર સંસ્કારના પ્રભાવથી સર્વોત્તમ ક્રિયાશક્તિવાળું શરીર અને સર્વોત્તમ જ્ઞાનશક્તિવાળું મન પ્રાપ્ત કરી શકાય છે અને તેવા પવિત્ર આહારથી હંમેશા આનંદ સહિત અપાર ઉત્સાહ પ્રાપ્ત રહે એ સ્વાભાવિકજ છે.

(૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદાસુંદરી

( ગત અંકના પૃષ્ટ ૧૯૮ થી શરૂ. )

### પ્રયાણ

એક વખતે મહેશ્વરદત્તના મનમાં વિચાર આવ્યો કે, ઉદ્યોગી અને શક્તિવાલા પુરૂષે દેશાટન કરવું જોઇએ. દેશાટન કરવાથી પુરૂષાર્થની પૂરે પૂરી સિદ્ધિ થાય છે. જે પુરૂષો હીનસત્વ અને પ્રમાદી હોય, તેઓ સ્વદેશના અલ્પ પ્રદેશમાં રહીનેજ વિચ્છિન્ન થઇ જાય છે. તેવા પુરૂષોનું જીવન કુવા માંહેલા દેડકાની જેમ પરિમિત પ્રદેશમાંજ વિરામ પામી જાય છે. તેવા પુરૂષો પોતાના માનવ જીવનને ઉંચા શિખર ઉપર લાવી શકતા નથી.

આ પ્રમાણે વિચાર કરી મહેશ્વરદત્તે પોતાની પ્રિયા નર્મદાસુંદરીને જણાવ્યું, પ્રિયા, અમારો વિચાર વિદેશમાં જવાનો થયોછે. વિદેશના વિશાળ ક્ષેત્રમાં જઇ વ્યાપાર લક્ષ્મીના વિલાસનો વિસ્તારં કરવાની મારી ધારણા છે. અમુક સમયે મારૂં કાર્ય સિદ્ધ કરી હું પાછો સત્વર ચાલ્યો આવીશ. તમારા વિયોગની પીડા ચિરકાળ સહન કરવાની મારી શક્તિ નથી; તેથી પાછો સત્વર આવી તમારા મુખચંદ્રનો ચકોર થઇશ. પ્રાણેશ્વરી, તમે પતિગૃહમાં સુખે કાલ નિર્ગમન કરજો. તમારા જેવી શુદ્ધ શ્રાવિકાને બીજું કાંઇ કહેવાનું નથી. તમે પરમ પવિત્ર શ્રાવિકા છો, શ્રાવકના ગૃહસંસારના શૃંગારરૂપ છો. તમારા જેવી સતી શ્રાવિકાઓથીજ આ વિશ્વમાં સતીધર્મનો પ્રભાવ જાગ્રત છે. તથાપિ જેમ તમારા પિતૃકુલની અને શ્વસુરકુળની શોભા વધે, તેવી રીતે પ્રવર્ત્તન કરજો. સર્વદા ધર્મપરાયણ રહી આત્મસાધન કરવામાં તત્પર રહેજો. તમારા જેવી સુશિક્ષિત સ્રીને વધારે શિક્ષા આપવાની જરૂર નથી. હવે હું આજેજ પ્રયાણ કરૂં છું. હું તમને શુભ સંદેશાના પત્રો મોકલાવીશ. તમે પણ શુભ સમાચાર મોકલાવજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પતિનાં આવાં વચન સાંભળી નર્મદાસુંદરી વિયોગના ભયથી કંપિત થઇ બોલી—પ્રાણેશ, તમારા વિના એક ક્ષણ માત્ર પણ રહેવાને મારામાં શક્તિ નથી. આ સહચારિણી શ્રાવિકા પતિના સહવાસમાંજ રહેવાને આતુર છે. ગૃહ–સંસારની શોભા પતિના સહવાસમાંજ રહેલી છે. ગૃહિણી ગૃહપતિના પ્રભાવથી પણ કૃતાર્થ છે. અને તેનું ગૃહિણી નામ સાર્થક થાય છે. સ્વામી, તમે વિદેશ જાઓ છો, એ તમારી વ્યાપારકલાની વૃદ્ધિનો મુખ્ય ઉપાય હોવાથી હું તેનો અટકાવ કરવા ઇચ્છતી નથી, પણ તમારા તે કાર્યમાં સહચારિણી થવાની ઇચ્છા રાખું છું. "જ્યાં પતિ ત્યાં પત્ની" એ આર્ય ધર્મની નીતિને અનુસરવા મારી પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિ ભારત વર્ષની પ્રાચીન સતીઓએ કરી બતાવી છે. તેથી આ શુદ્ધ ભાવનાવાળી શ્રાવિકાને વિયોગની પીડાનો કડવો અનુભવ કરાવશો નહીં. આજ સુધી તેણીએ એ મહાન્ પીડાનો અનુભવ લીધો નથી. વિયોગ અને વિરહ એ બંને શબ્દો માત્ર સાહિત્યમાંજ વાંચેલા છે. તે શબ્દોના અર્થનો અનુભવ અદ્યાપિ થયો નથી. હવે તેનો અનુભવ કરવો ન પડે એ ઉપાય આપના હાથમાં છે. સ્વામી, આપને જયાં જવું હોય, ત્યાં સુખે જાઓ. પણ આ સહધર્મિણીને સાથે લઇનેજ જજો. તમારા વિના હું ક્ષણવાર પણ રહેવાની નથી.

નર્મદાસુંદરીનાં આવાં વચનો સાંભળી મહેશ્વરદત્ત વિચાર કરી બોલ્યો—પ્રિયા, મારી સાથે આવવાનો આગ્રહ રાખશો નહીં. મારે સમુદ્ર પ્રયાણ કરવાનું છે. મહાસાગરનું ઉલ્લંઘન કરી યવન દ્વીપ નામના ટાપુમાં જવાનું છે. એ જળ માર્ગ ઘણો વિકટ છે. તે પ્રદેશમાં કોમલ પ્રકૃતિવાળી કામિનીઓનું કામ નથી. ત્યાં તો હીંમતવાન્ પુરૂષોથીજ જવાય છે. પ્રિયા, એવો આગ્રહ રાખી આ મારા પ્રયાણમાં ચિંતા ઉત્પન્ન કરશો નહીં. કારણ કે, સ્ત્રી એક રક્ષણીય પદાર્થ છે. સ્ત્રીરૂપ પદાર્થની સાથે રહેલો પુરૂષને તેના રક્ષણને માટે ભારે ચિંતા રહ્યા કરે છે. જ્યાં આત્મરક્ષણ કરવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં પણ વિશેષ સાવધાની રાખવી પડે છે, તેવા પ્રદેશમાં પુરૂષને સ્રીની રક્ષા કરવી તે વિશેષ ચિંતાનું કારણ થઈ પડે છે; માટે હે ચતુરા, તમારે મારી સાથે આવવાનો આગ્રહ રાખવો નહીં. હું અલ્પ સમયમાં પાછો આવી તમારા વિયોગને શાંત કરીશ.

મહેશ્વદત્તે આમ ઘણું સમજાવ્યું, તો પણ નર્મદાસુંદરીએ તે માન્યું નહીં અને તેણીએ સાથે આવવા ઘણોજ આગ્રહ બતાવ્યો. છેવટે મહેશ્વરદત્તે નર્મદાસુંદરીને સાથે લઇ જવા વિચાર કર્યો.

શુભ દિવસે મહેશ્વરદત્ત અને નર્મદાસુંદરી પોતાના વડીલ જનની રજા લઇને દેશાંતર જવાને નીકળ્યા. ગૃહદ્વારમાંથી નીકળતાંજ તેમને અપશુકન થયાં. દુર્નિમિત્ત થવાથી દુઃખી થયેલા મહેશ્વરદત્તે પોતાની સ્રીને જણાવ્યું કે, પ્રિયા, તમે આગ્રહ કરી સાથે આવો છો, પણ અપશુકન થાય છે. આપણને વિદેશમાં કાંઇપણ વિઘ્ન આવશે. માટે હજુ પણ તમે પાછાં ફરો તો વધારે સારૂં છે. પતિનાં આવાં વચન સાંભળી નર્મદાસુંદરી બોલી— પ્રાણેશ, અપશુકનની શંકા લાવી મારે પાછું ફરવું, તે મારા સતી ધર્મની વિરૂદ્ધ છે. કારણ કે, આ થયેલા અપશુકનનો મારે અને તમારે બંનેને અશુભ છે, તેમાંથી હું એકલી ભય પામી મારા કલ્યાણને માટે પાછી ફરૂં. અને તમે એકલાએ અપશુકન કટુફલનો અનુભવ કરો, એ કેમ બને? શુભ અને અશુભ ફલ સ્રી અને પુરૂષે સાથેજ ભોગવવાનાં છે. પવિત્ર દંપતી પરસ્પર સુખ દુઃખના ભાગીઆ છે. વિપત્તિના વિશાળ ક્ષેત્રમાં સધર્મ દંપતી સાથે ફરનારા અને સાથેજ રહેનારાં હોવા જોઇએ. તેવી રીતે સંપત્તીના શિખર ઉપર પણ તેમણે તેવી રીતેજ રહેવાનું છે.

નર્મદાનાં આવાં પ્રેમ ભરિત વચનો સાંભળી મહેશ્વદત્ત વિશેષ પ્રસન્ન થયો. અને તેણે હાસ્યપુર્વક જણાવ્યું કે, પ્રિયા, તમારાં પ્રેમી વચનોએ મારા હૃદયમાં અસમાન શીતલતા આપી છે. હવે મારે તમને કાંઈપણ કહેવાનું નથી. માત્ર આ અપશુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કનને માટે જે હૃદયમાં શંકા રહે છે, તેનો પ્રતીકાર શી રીતે કરવો? એ વિશે મારૂં મન આંદોલિત થયા કરે છે. નર્મદાસુંદરી- એ સ્મિત હાસ્ય કરી પતિને પ્રત્યુત્તર આપ્યો. પ્રાણાધીશ, અપ- શુકનની શંકા કરશો નહીં. તમે શ્રાવક ધર્મના જ્ઞાતા છો. શ્રી જૈન શાસનના ઉપાસક છો, અને સમ્યકત્વથી શોભિત છો. આ થયેલા અપશુકનનો પ્રતીકાર બીજો કાંઇજ નથી, પણ પંચપરમેષ્ટીનું સ્મરણ કરવું તે છે. પંચપરમેષ્ટીનાં પવિત્ર સ્મરણ- થી સર્વ જાતના અંતરાય નાશ પામી જાય છે. અંતરાયરૂપ અં- ધકારને વિનાશ કરવામાં એ પ્રભાવિક મંત્ર સૂર્યરૂપ છે. વિઘ્નરૂપ વૃક્ષને વિદારવામાં એ સમર્થ અને મદોન્મત્ત ગજેંદ્રરૂપ છે; માટે સ્વામી, પંચપરમેષ્ટીનું સ્મરણ કરી વિદેશ જવાને પ્રયાણ કરો.

નર્મદાસુંદરીનાં વચન ઉપરથી મહેશ્વરદત્તે નવકાર મંત્ર ભણી પ્રયાણ કર્યું. યવનદ્વીપમાં જવાને તેમણે સમુદ્રનો ભયંકર માર્ગ ગ્રહણ કર્યો. બંને દંપતી નૌકામાં બેસી સમુદ્રના તરંગોની માલાને અવલોકી આનંદ પામતા આગળ ચાલ્યા.

યવનદ્વીપનો જલમાર્ગ વિકટ હતો. એ દ્વીપમાં વ્યાપાર કલા વિશેષ હોવાથી ભારત વર્ષના અસંખ્ય વેપારીઓ તે માર્ગે પ્રયાણ કરતા હતા. નિર્ધનને સધન કરનારા યવનદ્વીપમાં વ્યાપાર લક્ષ્મી પોતાની પુર્ણ કલાથી રહેતી હતી. લક્ષ્મીના વિલાસોથી એ મહાદ્વીપ ભરપુર હતો. આવા સુંદર અને લક્ષ્મીના સ્થાનરૂપ દ્વીપમાં જવાને મહેશ્વરદત્ત અને નર્મદાસુંદરી અતિ ઉમંગ ધારણ કરી ચાલતા હતા. જલમાર્ગમાં જે કાંઇ કૌતુકો જોવામાં આવતા, તેને મહેશ્વર પોતાની સ્ત્રી નર્મદાસુંદરીને દેખાડતો હતો. બંને શ્રાવક દંપતિ વિદેશના કૌતુક જોવામાં ઇંતેજાર થતા અને ભવિષ્યની આશાલતાને પલ્લવિત કરતાં યવનદ્વીપના મહામાર્ગમાં ચાલતાં હતાં.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાનો

# મેળાવડો.

## સભાને માટે એક સુંદર મકાન.

સંવત ૧૯૬૩ ના પહેલા ચૈતર વદ ૪ ને વાર મંગળવારના રોજ રાત્રીના સાડાસાત કલાકે મુનિ મહારાજ શ્રી આત્મારામજી જૈન લાઇબ્રેરીવાળા મકાનમાં શા. મગનલાલ ઓધવજીના પ્રમુખપણા નીચે અત્રેના જૈન કોમના પ્રતિષ્ઠિત ગૃહસ્થ અને અમારી સભાના એક આગેવાન સભાસદ વોરા હઠીસંગ ઝવેરચંદે આ **સભાને માટે એક ભવ્ય અને વિશાળ મકાન** જે અત્રે લોઢીપોશાળના નામથી ઓળખાય છે તે **ખરીદ કરાવવામાં** જે પોતાની જાત મહેનતથી મદદ કરી છે તેને માટે ખુશાલી બતાવવા સભાની મીટીંગ બોલાવવામાં આવી હતી. જે વખતે પ્રમુખ ઉપરાંત સભાના તમામ સભાસદોએ હાજરી આપી હતી સભાના સેક્રેટરી શા. દામોદરદાસ હરજીવનદાસ તથા ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ સાથે વોરા હઠીસંગ ઝવેરચંદ પધાર્યા હતા, પ્રથમ મીટીંગ મેળવવાનો હેતુ કહી બતાવતાં **ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસે** જણાવ્યું કે અત્યારે હું જે વિષય માટે બોલવા માગું છું તે બાબત તમોએ મ્હોટી ખુશીની સાથે સાંભળી છે; **જે આપણી સભાએ એક જ્ઞાન મંદિર** બનાવવા માટે રૂ. ૮૫૫૧ ના ખરચે **એક સુંદર મકાન ખરીદ કર્યું છે.** આને અંગે આપણા ધર્મ બંધુ હઠીસંગભાઇએ પોતાના તન, મનથી મદદ કરી છે, અને જેમાં આપણાપર અનેક જાતની મુશ્કેલીઓ આવવાનો સંભવ હતો તે કામમાં આપણા એક દોરનાર તરીકે રહી આપણું કાર્ય ફતેહમંદીથી પાર ઉતાર્યું છે તે માટે આપણે સર્વે ભાઇઓ હર્ષ સાથે તેમનો ઉપકાર માનવામાં સામેલ થશો.

For Private And Personal Use Only